ડીંડોલી વિસ્તારની પ્રજાને બ્રાન્ડેડ ચીજવસ્તુઓના નામે છેતરતા ઇસમને રૂ,૭,૬૧,૦૨૯/- ના મુદામાલ સાથે પકડી પાડતી, ડીંડોલી પોલીસ.

સુરત શહેરના ડીંડૉલી પો.સ્ટે. વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ પો.સ્ટે. વિસ્તારમાં પો.સ.ઇ. શ્રી આર.પી.દરજી સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો. દિનેશ અમૃતભાઇ તથા અ.પો.કો. આનંદ રત્નાભાઇ નાઓને બાતમી હકીકત મળેલ કે ડીંડોલી કરાડવા રોડ રાજદીપ સોસાયટી મકાન નં. ૪૭૯ માં મોટા પ્રમાણમાં બનાવટી ચીજવસ્તુનો જથ્થો પડેલ છે અને તે તમામ ચીજવસ્તુ રાજદીપ સોસાયટીમાં ચામુંડા કિરાણા સ્ટોર નામની દુકાન ચલાવતા પુખરાજભાઇની છે જે હકીકતના આધારે ડીંડોલી રાજદીપ સોસાયટી ઘર નં. ૪૭૯ માંથી જુદી જુદી કંપનીના માર્કાવાળી ડુપ્લીકેટ ચીજવસ્તુ જેમાં એવરેસ્ટ મસાલા, જીવરાજ 9 ચા, મેગી, કોલગેટની ટુથપેસ્ટ, ટાઇડ, સર્ફ એક્ષલ ડીટરજન્ટ પાવડર તથા સાબુ, ડેટોલ સાબુ, તથા તેના વેપર, સંતુર પાવર, વિક્સ બામ, ડાબર ટુથપેસ્ટ, મિરાજ ટૉબેકો, વિગેરે ચીજવસ્તુ મળી આવી જે તમામ ચીજવસ્તુની કિ.રૂ. ૭,૬૧,૦૨૯/- ના મતાની ચીજવસ્તુ કબજે કરવામાં આવેલ છે. સદરહુ ચીજવસ્તુમાંથી એવરેસ્ટ ચીકન, મટન મસાલા જે ડુપ્લીકેટ હોય જે સબંધે એવરેસ્ટ કંપનીના એરીયા સેલ્સ ઓફીસરે ફરીયાદ આપતા આરોપી પુખરાજ ઉર્ફે પ્રકાશભાઇ કાલુજી કલાલ ઉ.વ.૪૭ ધંધો-વેપાર રહે. પ્લોટ નં. ૪૩૨, રાજદીપ સોસાયટી કરાડવા રોડ ડીંડોલી, સુરત મુળવતન-કલાલોકી આંતી, તા.દેવગઢ, જી.રાજસમંદ (રાજસ્થાન) તથા તપાસમાં મળી આવે તે વિગેરે વિરૂધ્ધમાં ડીંડોલી પોલીસ સ્ટેશન PART A F.I.R. ૧૧૨૧૦૦૫૬૨૦૦૦૦૫/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦ તથા ધી કોપી રાઇટ એક્ટ ૧૯૫૭ ની કલમ ૬૩ તથા ટ્રેડ માર્ક એક્ટ સને ૧૯૮૫ ની કલમ ૧૦૨, ૧૦૩, ૧૦૪ મુજબનો ગુનો દાખલ કરી અલગ અલગ કંપનીના મુદામાલ બાબતે જે તે કંપનીના પ્રતિનિધીને બોલાવી ચીજવસ્તુની ચકાસણી કરવાની કાર્યવાહી કરેલ.